પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## -:જાહેરનામું:-

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

**નંબર: વિ.શા/એ-સે/પરમીટ/જાહેરનામું/અ.મ્યુ.કો.ચૂં/રાજકીય પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગે/ 30 /૨૦૨૬**

**તા. 02/૦૪/૨૦૨૬**

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૬ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ યોજાનાર છે.લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ ની જોગવાઈ મુજબ રાજકીય પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગેની જોગવાઈ કરી અને સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત વિસ્તારમાં નીચેની બાબતો અંગે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચારનો સમયગાળો પૂરો થયા બાદ મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઇ શકે નહિ તે હકિકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓને ચૂંટણી પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ મતદાર વિભાગમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) ચૂંટણીના પ્રચાર માટે આવેલ રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરેને મતદાન પૂરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિ.

(૩) આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. હેઠળ શિક્ષાને પાત્ર થશે.તેમજ ઉપર જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઇઓનું રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણીપ્રચારકો વિગેરેએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.આ જોગવાઇનો ભંગ કરનાર સામે ઉકત જોગવાઇઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૪/૦૪/૨૦૨૬ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૬ ના કલાક ૧૮/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૦૨ /૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)
(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેક્ટર કચેરી સુભાષબ્રીજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.